પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૨, કુલ પાના:૪, તારીખ: ૨૨-૧૨-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 102 PRICE :-RS. 1.50 DATE : 22-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બ્રિટનમાં કોરોનાનો બેકાબૂ સ્ટ્રેઈન મળતાં ૧૧થી વધુ દેશોએ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂક્યો



રિયાધ,

બ્રિટનમાં ફેલાતા કોરોના વાયરસના નવા સ્ટ્રેનનો ભય વધી રહ્યો છે. કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી, નેધરલેન્ડ, બેલ્જિયમ, ઑસ્ટ્રિયા, આયરલેન્ડ, ચિલી અને બલ્ગેરિયા પછી હવે સાઉદી અરેબીયાએ કડક પગલું ભર્યું છે. સાઉદી અરેબિયાએ જાહેરાત કરી છે કે નવા પ્રકારનાં કોરોનાના સ્ટ્રેન સામે આવતા અને તેના ઝડપથી વધી રહેલા કેસોના પગલે તેણે પોતાની તમામ આંતરરાષ્ટ્રીય પેસેન્જર એરલાઈન્સ સર્વિસીસને અસ્થાયીરૂપે સ્થગિત કરી દીધી છે.

સાઉદી અરબના ગૃહમંત્રાલયે કહ્યું હતું કે 'વાયરસની પ્રકૃતિ વિશેની તબીબી માહિતી સ્પષ્ટ ન થાય ત્યાં સુધી આ એક અઠવાડિયા સુધી ફ્લાઈટ પર પ્રતિબંધ મૂકયો છે જેને આગળ વધુ લંબાવી શકાય છે.' તેમણે કહ્યું કે દેશના જમીન અને દરિયાઈ બંદરો પણ બંધ રહેશે. છેલ્લા ત્રણ મહિનામાં યુરોપિયન દેશોમાંથી પરત ફર્યા હોય તેવા બધાને સરકારે તાત્કાલિક કોવિડ-૧૯ તપાસ માટે ફરવાનો આદેશ આપ્યો છે. મંત્રાલયે કહ્યું કે સસ્પેન્સનથી દેશની કાર્ગો ફ્લાઈટસ અને સપ્લાય ચેઈનને કોઈ અસર થશે નહીં.

દરમિયાન કેનેડાએ દક્ષિણ ઈંગ્લેંડમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના પગલે બ્રિટનથી મુસાફરોની ફ્લાઈટ્સનું સંચાલન બંધ કરી દીધું છે. આ ઘટનાક્રમ અંગે જાગૃત એક અધિકારીએ નામ ન આપવાની શરતે તેની પુષ્ટિ કરી. ફ્રાંસ, જર્મની, ઈટાલી, નેધરલેન્ડ, બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, આયર્લેન્ડ અને બલ્ગેરિયા એ પહેલેથી જ બ્રિટનની યાત્રા પર પ્રતિબંધની જાહેરાત કરી દીધી છે. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જહોન્સને કોરોના વાયરસના નવા સ્વરૂપના ઝડપથી ફેલાવાને પગલે દક્ષિણ ઈંગ્લેન્ડના બજારો બંધ કરવાની અને નાતાલ પૂર્વે સમૂહમાં ભેગા થવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.

જહોન્સને તાત્કાલિક અસરથી કેટેગરી-૪ ના કડક પ્રતિબંધો લાગુ કર્યા, એમ કહેતા કે કોરોના વાયરસનો નવો સ્ટ્રેન દેખાયો, જે અગાઉના વાયરસ કરતા ૭૦ ટકા વધુ ઝડપથી ફેલાય છે અને લંડન તેમજ દક્ષિણ ઈંગ્લેન્ડમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ શકે છે. જો કે, બ્રિટિશના વડાપ્રધાને કહ્યું હતું કે નવા પ્રકારનો વાયરસ વધુ જીવલેણ છે અને રસી ઓછી અસરકારક રહેશે તે સાબિત કરવા માટે હજી સુધી કોઈ પુરાવા મળ્યા નથી.

## જાન્યુઆરીમાં સ્કૂલો ખોલવા અને માસ પ્રમોશનનો સરકારે કોઈ નિર્ણય લીધો નથી



અમદાવાદ,

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે હાલની સ્થિતિમાં જાન્યુઆરી મહિનાથી સ્કૂલ-કોલેજો ખોલવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. એટલું જ નહીં, ગત વર્ષની માફક ધોરણ ૧૦ અને ૧૨ સિવાયના વર્ગોમાં માસ પ્રમોશનનો પણ હાલ સરકારે કોઈ નિર્ણય નથી લીધો તેવું પણ તેમણે કહ્યું હતું. શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, સ્થિતિને અનુરૂપ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે, હાલ તેની ચર્ચા કરવાનો કોઈ મતલબ નથી. આજે દિવસ દરમિયાન કેટલીક ન્યૂઝ ચેનલો પર એવા અહેવાલ પ્રસારિત થયા હતા કે ગુજરાત સરકાર જાન્યુઆરી મહિનાથી સ્કૂલો અને કોલેજો શરુ કરવાની જાહેરાત કરી શકે છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી જ સ્કૂલો અને કોલેજો ધમધમતી કરી દેવાશે તેવા દાવા પણ આ અહેવાલોમાં કરાયા હતા. સરકારે આ અહેવાલોને પાયાવિહોણા ગણાવી તેમને ફગાવી દીધા છે. આ ઉપરાંત, હાલ આવી કોઈ વાત વિચારણા હેઠળ પણ નથી તેવી સ્પષ્ટતા પણ કરી છે. દિવાળી વેકેશન બાદ સ્કૂલો અને કોલેજો નિયંત્રણો સાથે શરુ કરવા માટે સરકારે પૂરી તૈયારી કરી લીધી હતી.

કોરોનાના કેસોમાં અચાનક વધારો થતાં સરકારને પોતાનો નિર્ણય પડતો મૂકવાની ફરજ પડી હતી. હાલ સરકાર કોઈ રિસ્ક લેવા ના માગતી હોવાથી રાજયમાં કોરોનાના કેસોમાં તાજેતરના દિવસોમાં જોવાયેલા ઘટાડા બાદ પણ સ્કૂલો અને કોલેજો શરુ કરવા અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. બીજી તરફ, હવે શૈક્ષણિક સત્રને માંડ ત્રણેક મહિના બાકી રહ્યા છે, અને તેમાંય સ્કૂલો ક્યારે ચાલુ થશે તેના કશાય ઠેકાણા ના હોવાના કારણે આ વર્ષે પણ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે કે કેમ તે અંગે સરકારે સ્પષ્ટતા નથી કરી. સ્કૂલો ઓનલાઈન એજ્યુકેશન આપી રહી છે, પરંતુ તેની ક્વોલિટી તેમજ પહોંચને લગતા પણ ગંભીર સવાલો ઉભા જ છે. તેવામાં માત્ર ઓનલાઈન એજ્યુકેશનના આધારે વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવી કે કેમ તે અંગે શિક્ષણવિદોમાં પણ મતમતાંતર પ્રવર્તી રહ્યા છે. નોંધનીય છે કે, ગત શૈક્ષણિક વર્ષમાં પણ સરકારે માસ પ્રમોશનની જાહેરાત છેલ્લી ઘડીએ જ કરી હતી.

ખાસ કરીને જેમના બાળકોને આ વર્ષે બોર્ડની પરીક્ષા આપવાની છે તે વિદ્યાર્થીઓના માતાપિતા હાલ ટેન્શનમાં છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવાતી હોય છે, અને ડિસેમ્બર સુધીમાં તો અભ્યાસક્રમ પૂરો કરી જાન્યુઆરીથી તેનું રિવિઝન પણ શરુ કરી દેવાતું હોય છે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના અભ્યાસક્રમમાં ઘટાડો કરવાની જાહેરાત તો સરકારે કરી જ દીધી છે, પરંતુ તેની સાથે પરીક્ષા પણ મે મહિનામાં લેવાય તેવી શક્યતા પ્રવર્તી રહી છે. જોકે, પરીક્ષાની તારીખ અંગે હજુ સુધી સરકારે કોઈ ચોખવટ નથી કરી. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર, સ્કૂલો ખોલવા માટે શરતી મંજૂરી નવેમ્બર મહિનામાં જ આપી દેવાઈ છે. તેમાં અમુક ધોરણના જ વિદ્યાર્થીઓને સ્કૂલે આવવા માટે પરવાનગી છે. આ સિવાય તેમાં પણ ઓડ-ઈવન ઉપરાંત માતા-પિતાની ફરજિયાત સહમતીનો પણ સમાવેશ થાય છે. પરંતુ કેન્દ્ર સરકારે પણ વિદ્યાર્થીઓ માટે સ્કૂલે આવવું ફરજિયાત નથી રાખ્યું, અને ઓનલાઈન એજ્યુકેશનનો વિકલ્પ પણ આપવામાં આવ્યો જ છે.

## રાજકોટ પડવલાની સીમમાં સિંહ જોવા મળતા ગામના લોકોમાં ભયનો માહોલ

રાજકોટ,

રાજકોટના સરધારમાં સિંહના ધામાના કારણે ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. નોંધનીય છે કે સરધારમાં ૨૫ દિવસથી સિંહના આંટાફેરા વધ્યા છે. પડવલાની સીમમાં સિંહ જોવા મળતા ગામના લોકોમાં ભયનો માહોલ છે. તો બીજી તરફ વન વિભાગની ટીમ સિંહને સતત ટ્રેક કરી રહી છે.

## દેશમાં જાન્યુઆરીમાં વેક્સિનેશન શરૂ થાય એવી શક્યતા: ડૉ.હર્ષવર્ધન



ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી હર્ષવર્ધને આશા વ્યક્ત કરી છે કે દેશમાં કોરોના વેક્સિન લગાવવાનું કામ જાન્યુઆરીમાં શરૂ થઈ શકે છે. તેમણે એ પણ કહ્યું હતું કે ભારતમાં કદાચ કોરોના મહામારીનો ખરાબ સમય પૂર્ણ થઈ રહ્યો છે. જાન્યુઆરીના કોઈપણ સપ્તાહમાં ભારત તેના નાગરિકોને વેક્સિન આપવાની સ્થિતિમાં હશે.

હર્ષવર્ધને વાતચીતમાં કહ્યું હતું, મને વ્યક્તિગત રીતે લાગી રહ્યું છે કે જાન્યુઆરીના કોઈપણ સપ્તાહમાં વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવશે, હવે આપણે એ સ્થિતિમાં પહોંચી ચૂક્યા છે. જોકે અમારી પ્રાથમિકતા છે કે વેક્સિન સુરક્ષિત અને ઈફેક્ટિવ રહે, એ બાબતે અમે કોઈપણ પ્રકારનું સમાધાન નહિ કરીએ.

તેમણે કહ્યું હતું, કેટલાક મહિના પહેલાં દેશમાં કોરોનાના ૧૦ લાખ એક્ટિવ કેસ હતા, જે હવે ત્રણ લાખ છે. સંક્રમણના એક કરોડ કેસ પ્રકાશમાં આવી ચૂક્યા છે. એમાંથી ૯૫ લાખથી વધુ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે. આપણો રિકવરી રેટ વિશ્વમાં સૌથી વધુ છે. મને લાગે છે કે જેટલી તકલીફથી આપણે પસાર થયા છે તે હવે સમાપ્ત થવાની દિશામાં છે.

તેમણે વધુમાં કહ્યું, ભારત સરકાર છેલ્લા ચાર મહિનાથી રાજ્ય સરકારની સાથે મળીને રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તર પર વેક્સિનેશનની તૈયારીઓ કરી રહી છે. ૨૬૦ જિલ્લામાં ૨૦ હજાર વર્કર્સને તેની ટ્રેનિંગ આપવામાં આવી. આપણી કોશિશ રહેશે કે પ્રાથમિકતામાં સામેલ દરેક વ્યક્તિને વેક્સિન આપવામાં આવે. જોકે કોઈ તેને લેવા માગતું ન હોય તો તેની પર દબાણ કરવામાં આવશે નહિ.

ભારતને પોલિયોની જેમ કોરોનામુકત કરવું શકય છે ? એ અંગેના સવાલ પર કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રીએ પોલિયો અને કોવિડ-૧૯ અલગ-અલગ બીમારીઓ છે. પોલિયોને સમાપ્ત કરવો એ વૈજ્ઞાનિક રીતે શક્ય હતું. કોરોના વાઈરસના કેસ પણ ઘટશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કોરોના વેક્સીનનાં વિતરણ અંગે કહ્યું કે, ભારત સરકાર ગત ચાર મહિનાથી રાજ્યોની સાથે વેક્સીનેશનની તૈયારીમાં લાગી ગયુ છે. લોકોને સુરક્ષિત રીતે કોરોના વેક્સી આપવા માટે ૨૬૦ જિલ્લાનાં ૨૦ હજારથી વધુ વર્કર્સને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. અમારો પ્રાયસ એ રહેશે કે અમારી પ્રાથમિકતામાં શામેલ દરેક વ્યક્તિને વેક્સીન લગાવવામાં આવે. પણ જો કોઈ તેને લગાવવા ન ઈચ્છે તો તેનાં પર કોઈ દબાણ કરવામાં આવશે નહીં.

### RTIમાં મળેલી ચોંકાવનારી માહિતી

## UPA કરતાં NDA રાજમાં ત્રણ ગણી વધુ લોન રાઈટ ઑફ થઈ



ન્યુ દિલ્હી,

ગોટાળા, બેંક કૌભાંડ અને ભ્રષ્ટાચારના મુદ્દે યુપીએ સરકાર પર માછલાં ધોનારી એનડીએ સરકારના શાસનમાં ત્રણ ગણી વધુ લોન માંડી વાળવી પડી હોવાની ચોંકાવનારી માહિતી મળી હતી.

એક આરટીઆઈ અરજી દ્વારા આ ચોંકાવનારી વિગત બહાર આવી હતી. એનો સાર એટલો હતો કે ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચેના સમયગાળામાં મનમોહન સિંઘની સરકારના શાસનમાં જેટલી લોન રાઈટ ઑફ કરવી પડી હતી એના કરતાં ત્રણ ગણી લોન નરેન્દ્ર મોદીના પહેલાં પાંચ વર્ષમાં રાઈટ ઑફ કરવી પડી હતી.

મનમોહન સિંઘની સરકાર હતી ત્યારે બેંકોએ ૨,૨૦, ૩૨૮ કરોડ રૂપિયાની લોન રાઈટ ઑફ કરવી પડી હતી. આવું મનમોહન સિંઘની સરકારના દસ વર્ષ દરમિયાન થયું હતું. બીજી બાજુ એનડીએના ફકત પાંચ વર્ષમાં એટલે કે ૨૦૧૪થી ૨૦૧૯ વચ્ચે ૭,૯૪૩૫૪ કરોડ રૂપિયાની લોન રાઈટ ઑફ કરવી પડી હતી.

પૂણે (મહારાષ્ટ્ર)ના એક વેપારી પ્રફુલ્લ સારડાએ એક આરટીઆઈ દ્વારા આ માહિતી મેળવી હતી. મોદી સરકારના શાસનમાં સરકારી બેંકો ઉપરાંત પ્રાઈવેટ બેંકો અને વિદેશી બેંકોની લોન રાઈટ ઑફ કરવાની પણ પરિસ્થિતિ સર્જાઇ હતી. જેમને પોતાની લોન રાઈટ ઑફ કરવી પડી એવી જાહેર ક્ષેત્રની બે ડઝન, પ્રાઈવેટ સેક્ટરની ત્રણ ડઝન, નવ શેડ્યુલ્ડ કમર્શિયલ બેંક અને ચાર વિદેશી બેંકોનો સમાવેશ થયો હતો.

કોંગ્રેસના દસ વર્ષના શાસન દરમિયાન જાહેર ક્ષેત્રની બેંકોની ૧,૫૮, ૯૯૪ કરોડ, ખાનગી બેંકોની ૪૧,૩૯૧ કરોડની લોન રાઈટ ઑફ કરવી પડી હતી. એની સામે મોદી સરકારના પાંચ વર્ષમાં જાહેર ક્ષેત્રની બેંકોની ૬,૨૪,૩૭૦ કરોડની, ખાનગી બેંકોની ૧,૫૧,૯૮૯ કરોડની અને વિદેશી બેંકોની ૧૭,૯૯૫ કરોડની લોન રાઈટ ઑફ કરવાની ફરજ પડી હતી. આમ યુપીએ સરકાર કરતાં એનડીએ સરકારમાં વધુ લોન રાઈટ ઑફ કરવી પડી હતી.

## GST ઘટ પેટે કેન્દ્રએ રાજ્ય સરકારોને ૬૦૦૦ કરોડ આપ્યા

ન્યુ દિલ્હી,

નાણાં મંત્રાલયે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વળતરની અછતને પહોંચી વળવા રાજ્યોને આઠમા સાપ્તાહિક હપ્તો જાહેર કર્યો છે. આઠમા તબક્કાના આ પૈસામાંથી ૨૩ રાજ્યોને ૫,૫૧૬.૬ કરોડ રૂપિયાની રકમ જારી કરવામાં આવી છે અને દિલ્હી, જમ્મુ અને કાશ્મીર અને પોંડિચેરી જેવા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૪૮૩.૪ કરોડ રૂપિયાની રકમ જારી કરવામાં આવી છે.


બાકીના પાંચ રાજ્યો અરુણાચલ પ્રદેશ, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને સિક્કિમ - જીએસટીના અમલીકરણને કારણે આવકમાં કોઈ તફાવત નથી, એમ સોમવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે.

GSTને કારણે ઉભી થયેલ આવક ઘટને પહોંચી વળવા માટે કેન્દ્રની મોદી સરકારે રાજ્યસરકારો માટે ઓક્ટોબરમાં ૧.૧ લાખ કરોડની અલગ એક વિશેષ ઉધાર વિંડો ઉભી કરી હતી.

આ સ્કીમમાંથી કુલ ૭ ઈન્સટોલમેન્ટ ચૂકવી દેવામાં આવ્યા છે અને આજે આઠમા તબક્કાનું પેયમેન્ટ પણ કરવામાં આવ્યું છે. સરકારે આ પૈસા ૪.૧૯૦૨%ના વ્યાજદરે ઉધાર લીધા છે.

સરકારે અત્યાર સુધી કુલ રૂ. ૪૮,૦૦૦ કરોડ ઉધાર લીધા છે,જેનો વ્યાજદર ૪.૬૯૮૬% નક્કી કરવામાં આવ્યો છે.

## ગુજરાત યુનિ.ની ઓનલાઈન પરીક્ષા માટે ૨૮ હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું



અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીએ શિયાળુ સત્રની યુજી-પીજીની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે લેવાનું જાહેર કર્યુ છે અને ઓનલાઈન પરીક્ષા માટે ઓપ્શન રજિસ્ટ્રેશન પણ કરાવ્યુ છે ત્યારે એકાએક ૪.૫ ગણા એટલે કે ૨૮ હજાર વિદ્યાર્થીએ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોરોનાને પગલે ગત સપ્ટેમ્બરમાં ઉનાળુ સત્રની વિવિધ સેમેસ્ટર પરીક્ષાઓ ઓફલાઈન સાથે પ્રથમવાર ઓનલાઈન પણ લેવાઈ હતી.યુનિ.એ બે વાર ઓપ્શન રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું પરંતુ ઓનલાઈન પરીક્ષા માટે માંડ ૬ હજાર વિદ્યાર્થી નોંધાયા હતા.પ્રથમવારની ઓનલાઈન પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓને એ ડર હતો કે એમસીક્યુ પરીક્ષા હોવાથી માર્કસ નહી આવે, લેખિત પરીક્ષામાં થોડુ ઘણુ લખ્યુ હોય તેના પણ માર્કસ મળે જેથી ઓનલાઈન પરીક્ષા માટે ખૂબ જ ઓછું રજિસ્ટ્રેશન થયુ હતું.

મોટા ભાગના વિદ્યાર્થીએ ઓફલાઈન પરીક્ષા આપી હતી.બીજી બાજુ જીટીયુંની ગત સમર સેમેસ્ટર પરીક્ષામાં માંડ ૮ હજારે ઓફલાઈન આપી હતી અને ૪૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરીક્ષા આપી હતી. જીટીયુંએ ગેરરીતિઓની ફરિયાદોને પગલે હવે વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓ માત્ર ઓફલાઈન જ લેવાનું નક્કી કર્યુ છે.જયારે ગુજરાત યુનિ.દ્વારા કોરોનાની સ્થિતિ અને સેન્ટરો પર દૂર દૂરથી વિદ્યાર્થીઓને આવવુ પડે તે સ્થિતિને ધ્યાનમાં રાખી આ વખતે પણ ઓનલાઈન પરીક્ષા લેવાનું નક્કી કર્યુ છે.જે માટે વિકલ્પ પસંદગીનું રજિસ્ટ્રેશન પણ પૂર્ણ કરી દેવાયુ છે.જેમાં ૨૭૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરીક્ષા આપવાનું પસંદ કર્યુ છે. યુનિ.દ્વારા બીએડ, એલએલબી સહિતના કેટલાક કોર્સમાં તો

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ફાંગીયા દૂધ ઉત્પાદક સ. મં. લી.
મુ. ફાંગીયા, તા. દે.બારીઆ

Assure Cab
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP 7490866866
Travel One Way Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જી. કે. પરમાર
મુ. કરાડા, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જય રામદેવ સ્વ. સહાય જૂથ
મુ. ભુખી, તા. કાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં ૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૮૬ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૮૮૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૮૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૧૭૯૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી ડીસ્ટ્રીજકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૮ દર્દી હોમ આઈસોલેશન, ૦૪ દર્દી લુણાવાડા (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૧ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુરના નવા બસ સ્ટેશનના નામકરણ માટે આદિવાસી સમાજ દ્વારા રજુઆત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, આદિવાસી સમાજ દ્વારા સંતરામપુર તાલુકા મથક ખાતે નવિન બની રહેલ સંતરામપુર બસ સ્ટેશનનું નામકરણ બાબતે રજૂઆત કરતા જણાવ્યું હતું કે બસ સ્ટેશન નુ બાંધકામ સરકાર દ્વારા હાલ પૂર્ણતાની આરે છે. ત્યારે ટુક સમયમાં તેના ઉદ્દઘાટનના ભણકારા સંભળાય છે. તેવા સમયે સંતરામપુર તાલુકામાં વસવાટ કરતા કુલ વસતીના ૯૦% આદિવાસીઓ પૈકીના આદિવાસી સમાજના આગેવાનો એ વારંવાર લેખિત રજુઆત કરેલ છે કે આ નવીન બસ સ્ટેન્ડનું નામ આદિવાસી સમાજના સમાજસુધારક ગુરૂ ગોવિંદ કે ધરતી આબા બિરસા મુંડાના નામથી નામકરણ કરવામાં આવે એવી માંગ કરી છે. જે હવે ધીમે ધીમે ઊગ્ર બનતી જાય છે અને હવે જો આ માંગ સંતોષવામાં ના આવે તો આવનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણી બહિષ્કાર કરતા પણ આદિવાસી સમાજ ખચકાશે નહી એમ હાજર અગ્રણીઓએ જણાવ્યું હતું. વધુમાં તેઓનું કહેવુ હતું કે જે તાલુકા સ્થળનુ અર્થતંત્ર આદિવાસી સમુદાય પર નભે છે. તેવા આખા તાલુક મથકે અત્યાર સુધી એક પણ આદિવાસી વીર પુર્વજો પૈકી નામકરણ ન કરીને અન્યાય કરાયેલ છે. ત્યારે સબ કા સાથ સબ કા વિકાસ મા માનતી હાલની સરકાર પાસે આશા રાખીએ છીએ.ઊલ્લેખનીય છે કે સંતરામપુર તાલુકો અને વિસ્તાર આઝાદી બાદ અત્યાર સુધી કરવા કોન્ગરેશનો ગઢ ગણાતો હતો. તેમજ હાલની જિલ્લા પંચાયતના શરૂઆતના અઢી વર્ષની ટર્મ કોન્ગરેશ પાસે જ હતી તેમજ પ્રમુખ અને ઊપપ્રમુખ પણ આ તાલુકાના તેમજ આદિવાસી સમાજના જ હોવા ઊપરાંત તાલુકા પંચાયત પણ તેઓના પાસે છે, પરંતુ આદિમ સમુદાયને વર્ષોથી આ નેતાગીરીએ રાજકીય ચાંદ તારા જ બતાવ્યા છે અને સમાજની સંસ્કૃતિ અને અસ્મિતાની જાળવણી બાબતે ઊદાસીનતા સેવેલ તે બાબતે પણ ચર્ચાઓએ વેગ પકડેલ છે.

# મહીસાગરના મગનપુરા ગામના ખેડૂતો બાગાયતી પાકોની ખેતીમાં ઉદાહરણરૂપ સામૂહિક નિર્ણય પદ્ધતિની ખેતી અપનાવી પ્રેરણા સ્ત્રોત બન્યા


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજય સરકાર અને ખેતીવાડીને લગતા વિવિધ વિભાગોના પ્રયાસો થકી હવે મહીસાગર જિલ્લો આધુનિક ખેત પદ્ધતિ અપનાવી બાગાયતી ખેતી ક્ષેત્રે પણ અગ્રેસરજિલ્લો બની રહ્યો છે. ત્યારે પારંપરિક ખેતીના સ્થાને અહીંના ખેડૂતો વૈજ્ઞાનિક અભિગમ અપનાવી આધુનિક સાધનોનો ઉપયોગ કરી આત્મનિર્ભરતા તરફ અગ્રેસર બન્યા છે.

આવા જ એક બાગાયતી ખેતીમાં પ્રગતિના શીખરો સર કરતા બાલાશિનોર તાલુકાના મગનપુરા ગામનાં પ્રગતિશીલ ખેડૂતો વિવિધ બાગાયતી પાકોમાં ઉદાહરણરૂપ સામૂહિક નિર્ણય પદ્ધતિની ખેતી અપનાવી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. તેમના ગ્રામ્ય વિસ્તારની ૭૫૦ વીઘા જમીનમાં મુખ્યત્વે પપૈયા, તડબૂચ, ડુંગળી, ટામેટા, ધાણા, વાલ, વગેરે પાકોની મલ્ચિંગ અને સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિથી વૈજ્ઞાનિક અભિગમ અપનાવી આર્થિક સદ્ધરતા સાથે સફળતાના સોપાન સર કર્યા છે.

મગનપુરા ગામના અગ્રણી ખેડૂત ઘનશ્યામભાઇ પટેલ જણાવે છે કે, બાગાયતી વિભાગ તરફથી મળતા માર્ગદર્શન ના આધારે પારંપરિક ખેતીના સ્થાને બાયાગતી ખેતી જેવી કે પૈપયા, ટામેટા, ધાણા જેવી ખેતી કરી અમને સારી આવક મળે છે. અમારા ગામમાં ૨૨ પરિવારની ૭૫૦ વીઘા જમીન વિસ્તારમાં ડ્રિપ ઈરીગેશન થી બાગાયતી ખેતી કરી ગામના સામુહિક નિર્ણયથી એક સંપ થઇ તમામ ખેતી વિષયક બાબતો નક્કી કરવામાં આવે છે. વેપારીઓ સાથે અગાઉથી કરેલ ભાવથી કોન્ટ્રાક્ટ કરી ખેતર બેઠા પાકની ખરીદી થાય છે અને વધુ આવક મેળવી આર્થિક સદ્ધરતા તરફ ગામ અગ્રેસર બન્યુ છે. અમે ખેડૂતોએ એકતા થી સામૂહિક ખર્ચ કરી ખેતી પાકોનું વજન કરવા માટે વે બ્રીજ પણ વસાવ્યો છે.

મહીસાગર જિલ્લા નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા અવારનવાર આ ગામના ઉત્સાહી ખેડૂતોની મુલાકાત લઈ સરકારની વિવિધ યોજનાઓને પ્રોત્સાહન આપી માર્ગદર્શન આપે છે. ખેડૂતો સરકારની બાગાયતી વિભાગની ફળપાકો અને શાકભાજી પાકોમાં વિવિધ સહાય યોજનાઓનો લાભ પણ મેળવે છે. બાગાયત અધિકારી સી.કે.પટેલીયાના જણાવ્યા અનુસાર જિલ્લામાં ૧૨ થી ૧૪ હજાર હેક્ટર જમીનમાં બાગાયતી પાકોનું વાવેતર થાય છે. કચેરીના માર્ગદર્શનમાં અગાઉની સરખામણીએ બાગાયતી પાકો તરફ ખેડૂતોનો ઝોક વધ્યો છે. વધુ ખેડૂતો વિવિધ બાગાયતી પાકોની યોજનાઓનો લાભ લઈ અન્ય ખેડૂતો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે.

ખેડૂતો છેલ્લા કેટલાક વર્ષોથી આધુનિક ખેત પદ્ધતિ અપનાવી બાગાયતી ખેતી કરી આત્મનિર્ભરતા તરફ અગ્રેસર બન્યા છે. જિલ્લાનું બાગાયતી ખેતીનું યુનિક ગામ મગનપુરા બન્યુ છે.

# સંતરામપુર શહેર ના બંધ મકાનમાં શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગને લઈ લાખોનું નુકશાન



સંતરામપુર, સંતરામપુર શહેરના રહેતા ડબગર વિસ્તારમાં અજયભાઈ શાંતિલાલ મકાન બંધ કરીને ધંધા રોજગાર માટે ગયા હતા. અચાનક ૯:૦૦ ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાથી મકાન બળીને ખાખ થઈ ગયું હતું. મકાનની અંદર ઘરવખરી સામાન ધંધા રોજગાર માટેનું કટલેરી અને રેડીમેડ કાપડ અને રોકડા રૂપિયા બળીને ખાખ થઇ ગયું હતું. આશરે દોઢ લાખ જેટલું નુકસાન થવા પામ્યું હતું. આગને બુઝાવવા માટે આજુબાજુના રહીશો પોતાના ઘરેથી પાણીના લાવીને આગ બુઝાવવાની કોશિશ કરીએ પણ પરંતુ આગ કાબુમાં ન આવતા નગરપાલિકામાંથી ફાયર ફાઈટર દ્વારા જે આગ બુઝાવવામાં આવેલી હતી. બંધ મકાનમાં આગ લાગવાથી કોઈ જાનહાની થઈ નથી ગરીબ અને મદ્યમ વર્ગના પરિવારને આજે ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટના કારણે આગ લાગવાથી આશરે લાખનું નુકશાન થયું હતું.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલની લેબોરેટરીને અદ્યતન સુવિધાવાળી બનાવવા માંગ

સંતરામપુર, સંતરામપુર ખાતે આવેલ સરકારી સ્ટેટ હોસ્પિટલની લેબોરેટરીને અદ્યતન બનાવવા માંગ ઉઠી છે. હાલ સરકારી દવાખાનામાં આવેલી લેબોરેટરીમાં જરૂરી ટેસ્ટ થતાં નથી. જેથી આદિવાસી દર્દીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બાયોકેમેસ્ટ્રી મશીન ઉપ્લબ્ધ ન હોઈ દર્દીઓને ટેસ્ટ કરાવવા માટે ખાનગી લેબમાં જવાનો વારો આવ્યો છે.

સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં લેબોરેટરીમાં ટેસ્ટિંગ માટેના અદ્યતન બાયોકેમેસ્ટ્રી મશીનની સુવિધા ઉપ્લબ્ધ થાય તે જરૂરી છે. તે અંગેની માંગ ઉઠી છે. સ્ટેટ હોસ્પિટલ સંતરામપુરમાં ઓટોબાયો કેમેસ્ટ્રી એનેલાઈઝર મશીનની ખરીદી માટેના લાંબા સમયની માંગ હજુસુધી નહિ સંતોષાતા દર્દીઓ પારાવાર મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. આ મશીન સંદર્ભમાં કમિશનરની કચેરી આરોગ્ય અને તબીબી સેવાઓને તબીબી શિક્ષણ ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૨/૨૦૧૯ના પત્રથી આ મશીનની ખરીદી માટે જી.એમ.એસી.એલ.ને ઈન ડેડ મોકલી આપવા જણાવેલ હોવા છતાં તેને મહિનાઓ વિતી ગયા છતાં જી.એમ.સી.એલ. દ્વારા આ મશીનના ઈન્ડેડ મોકલવાની કોઈ જ પ્રકારની કાર્યવાહી નહિ કરતા આ બાયોકેમેસ્ટ્રી મશીન આ આદિવાસી તાલુકાની સ્ટેટ હોસ્પિટલ સંતરામપુરમાંથી લેબોરેટરીમાં આવેલ નથી. વિભાગની ઘોર નિષ્કાળજીથી આ મશીનના લાભથી ગરીબ આદિવાસી દર્દીઓને વંચિત રહેવુ પડે છે. આ અદ્યતન બાયોકેમેસ્ટ્રી મશીનની સુવિધા ઉપ્લબ્ધ થાય તે માટે આરોગ્ય વિભાગ સક્રિયતા દાખવે તે જરૂરી બન્યુ છે. સંતરામપુરની સરકારી સ્ટેટ હોસ્પિટલ સંતરામપુરની લેબોરેટરી અદ્યતન સાધનોથી સુસજ્જ બનાવાય તે માટેની માંગ ઉઠી છે.

# GCERT પ્રેરિત ડાયટ પંચમહાલ આયોજીત તાલુકાકક્ષાનો ઈનોવેશન ફેસ્ટીવલ યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના બી.આર.સી.ભવન ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિણ અને ડાયટ પંચમહાલ આયોજીત ઈનોવેશન ફેસ્ટીવલ યોજાયો. આ પ્રસંગે ઘોઘંબા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાથી ૩૪ જેટલા ઈનોવેટીવ શિક્ષક ભાઈ-બહેનો એ હાજર રહી પોતાની શાળાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. કોવિડ-૧૯ની પરિસ્થિતીમાં બાળકોને સરળતાથી શિક્ષણ આપવું, વિષય વસ્તુને પડતી મુશ્કેલીઓ, જ્ઞાન-વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ જેવા વિવિધ નવતર પ્રયોગો રજૂ કરાયા હતા. આ પ્રસંગે ડાયટ પંચમહાલના સીનીયર લેકચરર ઉમેશભાઈ ચૌહાણ, બી.આર.સી.કૉ. પ્રવિણસિંહ સોલંકી, બી.કે.નિ. ભીમસિંહભાઈ રાઠવા તથા બી.આર.સી.કો.ભાઈઓ, બી.આર.સી. મિત્રો અને શિક્ષકો હાજર રહ્યા હતા.

# મહીસાગર જિલ્લાના યુવક યુવતીઓએ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ભાગ લેવા જોગ

લુણાવાડા, ભારત સરકાર દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ગુજરાતની ટીમ ભાગ લઈ શકે તે માટે રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષા યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જે કોવિડ-૧૯ની મહામારીને દયાને લઇ વર્ચ્યુઅલ/ઓનલાઇન કરવાનું થાય છે. જે માટે મહીસાગર જિલ્લા કક્ષા યુવા ઉત્સવની અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે તા.૨૪/૧૨/૨૦૨૦ સુધી જે તે ૧૮ વિભાગની કૃતિઓ (૧) સિતાર (૨) ફ્લુટ (૩) તબલા (૪) વીણા (૫) મૃદંગમ (૬) હાર્મોનીયમ (૭) ગીટાર તથા કલાસીકલ વોકલ સોલો (૮) હિન્દુસ્તાની (૯) કર્ણાટકી, ક્લાસીકલ ડાન્સ (૧૦) મણીપુરી (૧૧) ઓડીસી (૧૨) ભરતનાટ્યમ (૧૩) કથક (૧૪) કુચીપુડી (૧૫) ફોક ડાન્સ (૧૬) ફોક સોન્ગ (૧૭) એક પાત્રીય અભિનય (૧૮) શીઘ્ર વકૃત્વનું વિડીયો રેકોર્ડીંગની CD/ PenDrive,C.D. કવર પર તેઓના નામ, સરનામુ, મોબાઈલ નંબર તથા કયા વિભાગની કૃતિ છે. તે વિગતો લખી અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રૂમ નં-૨૩૨, બીજો માળ, કલેકટર કચેરી, લુણાવાડા, મહીસાગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ જન્મ તારીખના આધાર પુરાવા સાથે આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# લુણાવાડા કોટેજ ચોકડી પાસે કેળવણી મંડળને શૈક્ષણિક હેતુ માટે જમીનમાં બનાવેલ દુકાનો દુર કરવાનો હુકમ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં કોટેજ ચોકડીથી બસ સ્ટેન્ડ તરફના માર્ગની બાજુમાં એસ.કે.હાઈસ્કુલને અડીને લુણાવાડા કેળવણી મંડળ દ્વારા શૈક્ષણિક હેતુ માટે મળેલ જમીનમાં ગેરકાયદેસર ૨૫ દુકાનો બનાવ્યા બાદ છેલ્લા એક વર્ષથી વિવાદ ચાલી રહ્યો હતો.

લુણાવાડાના ખાતા નં-૯૦૯ના બ્લોક સં.ન-૧૨૮૩ (જુનો સં.ન-૧૧૧ પૈકી ૨)માં શરત ભંગ કરી લુણાવાડા કેળવણી મંડળ દ્વારા દુકાનો બનાવવામાં આવી હતી. ત્યારે અરજદાર પિંકેશ પટેલ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર આર.બી.બારડ દ્વારા ૧૫ ફેબ્રુઆરીના રોજ કેળવણી મંડળને પત્ર લખી જણાવ્યુ હતુ કે, રેકર્ડ પ્રમાણે આ જમીન માત્ર શૈક્ષણિક હેતુ માટે આપેલ હોવાનુ જણાવેલ છે. જેથી શરત ભંગ થયેલ હોવાથી આ બાબતે જરૂરી આધાર-પુરાવા રજુ કરવા લેખિતમાં જણાવ્યુ હતુ. ત્યારબાદ મંડળ દ્વારા કોઈ જવાબ ન મળતા જિલ્લા કલેકટર કચેરી દ્વારા સાત મહિના પછી વધુ બે પત્રો મોકલી મંડળને જણાવેલ તેમ છતાં કેળવણી મંડળ દ્વારા કોઈપણ પ્રકારનો જવાબ કે પુરાવા રજુ કરવામાં આવ્યા ન હતા. બીજી તરફ લુણાવાડા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા કોઈપણ પ્રકારના બાંધકામ કે પરવાનગી ન આપતા મહિસાગર જિલ્લા કલેકટર દ્વારા દુકાનોનુ બાંધકામ દુર કરવા હુકમ કરવામાં આવતા નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# હાલોલ નગરમાં માસ્ક વગર ફરતા ૬૧ લોકોને ઝડપી કોરોના ટેસ્ટ કરાયા : તમામ નેગેટિવ આવતા હાશકારો

હાલોલ, હાલોલ તાલુકા આરોગ્ય વિભાગે હાલોલ પંથકમાં કોરોના સંક્રમણને રોકવા હાલોલ નગર ખાતે છેલ્લા ત્રણ દિવસથી અલગ અલગ વિસ્તારોમાં કેમ્પ રાખી માસ્ક વગર રોડ પર બેજવાબદારીપુર્વક વાહનો પર ફરતા ઈસમોને હાલોલ ટાઉન પોલીસના સહયોગથી ઝડપી પાડી રેપિડ એન્ટિજન ટેસ્ટ કિટ દ્વારા કોરોના ટેસ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેમાં રવિવારે હાલોલ નગરના કંજરી રોડ ખાતે આવેલા ઝુલેલાલ મંદિર ખાતે તાલુકા આરોગ્ય વિભાગની ટીમે કેમ્પ કરી વિના માસ્કે ફરતા ૬૧ જેટલા વ્યકિતઓને ઝડપી લઈ રેપિડ ટેસ્ટ કીટ દ્વારા કોરોના ટેસ્ટ કરતા તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા.જયારે ઝુલેલાલ મંદિર ખાતે કોરોના ટેસ્ટ કરી રહેલ આરોગ્ય વિભાગની ટીમને એક સુખદ અનુભવ કરવા મળ્યો હતો. જેમાં ૬૧ ટેસ્ટ પૈકી ૬ જાગૃત નાગરિકોએ સામે ચાલીને પોતે સ્વૈચ્છાએ કોરોના ટેસ્ટ કરાવી પોતે જાગૃત નાગરિક હોવાને એક અલગ જ દાખલો બેસાડ્યો હતો.

# વિરપુર તાલુકાના ભાટપુર ગામે ગેરકાયદેસર દબાણ બાબતે પંચાયતે કાર્યવાહી ન કરતા ગ્રામજનોમાં રોષ

વિરપુર, વિરપુર તાલુકાના ભાટપુર ગામના મુકેશભાઈ બારીયાના ઘરે અવર જવર માટેના રસ્તા ઉપર મંગળભાઈ જેમાભાઈ બારીયા, સબુરભાઈ જેમાભાઈ બારીયા, તથા સોમાભાઈ જેમાભાઈ બારીયાએ મકાનનુ પાકુ બાંધ કરી દેવામાં આવતા અવર જવર કરવા માટે ખુબ જ તકલીફ પડી રહી હતી. આ અંગે મુકેશભાઈ દ્વારા ગ્રામ પંચાયતમાં રજુઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. આ અંગે મુકેશભાઈએ ત્રણ ભાઈઓને રોડ પર બાંધકામ કેમ કરો છો તેવુ કહેતા ત્રણેવ ભાઈઓ ઉશ્કેરાઈને મુકેશભાઈ સાથે ગાળાગાળી કરી હતી. અને મુકેશભાઈને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા મુકેશભાઈએ ત્રણેવ વિરુદ્ધ સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ તથા જાનથી મારી નાંખવાની ધમકી આપવા અંગે વિરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૧-૧૨-૨૦૨૦, સોમવાર, નિજ માગશર સુદ-૭, સૂર્યોદય-૭-૦૯, સૂર્યાસ્ત-૫-૨૭, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શુભ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૨૩ થી અભિજીત-૧૩-૦૬ સુધી, ૮-૪૩ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૫ સુધી, ૧૪-૦૫ થી શુભ-૧૫-૨૬ સુધી, ૧૮-૦૭થી શુભ-અમૃત-ચલ-૨૩-૦૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૬ થી ૧૦-૫૭ સુધી, ૧૧-૫૧ થી ૧૨-૪૫ સુધી, ૧૪-૩૨ થી ૧૭-૧૩ સુધી, ૧૮-૦૭થી ૧૯-૧૩ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૨.૧૨.૨૦૨૦ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- ભાગીદારોને તમારે માર્ગદર્શન દેવું પડે નવું આયોજન લાભદાયક રહે વિજાતીય મિત્રતા ગાઢ બને.

વૃષભ(બ.વ.ઉ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી નકરતા રોજીંદા કાર્યને વળગી રહેજો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે.

મિથુન(ક.છ.ઘ.) :- સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. સીઝનલ ધંધાર્થી લાભ હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું રાજકારણમાં સફળતા.

કર્ક(ડ.હ.) :- વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની વિદેશથી પણ લાભ મલે. મહેનતનું ફળ મલવાનું લકઝરી ચીજવસ્તુની ખરીદી થાય.

સિંહ(મ.ટ.) :- નવા કોલ કરારોમાં સફળતા વાળો દિવસ રહે આવકનું પ્રમાણ વધવાનું ખાવા પીવામાં તકેદારી જરૂરી છે.

કન્યા(પ.ઠ.ણ.) :- શેર બજારમાં મોટા જોખમો ન લેવા કર્જ કરવાથી દૂર રહેજો ભાઇ-બહેનો સાથે સુમેળ વધવાનો પ્રવાસ થાય.

તુલા(ર.ત.) :- અગત્યના કાર્યોને સફળ થતા જોઈ શકશો નોકરીમાં લાભ અંગત જીવનમાં ધ્યાન દેજો પ્રવાસમાં જાળવવું.

વૃશ્ચિક(ન.ય.) :- તમારી મહેનતનું ફળ મલવાનું જીવના નવું જોમ જુસ્સો જોવા મલે. વિદેશ સાથેના ધંધામાં લાભ રહેવાનો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ફીલ ગુડ વાળો દિવસ રહેવાનો નોકરીમાં લાભ મનગમતું કાર્ય મલે. હરીફોથી પણ લાભ રહેશે આર્થિક લાભ.

મકર(ખ.જ.) :- અંગત જીવનમાં અપસેટ રહેવાને લઈને રોજીંદા કાર્યમાં અવરોધો રહે. ગુસ્સા ટાળજો - મિલ્કતથી લાભ રહેશે.

કુંભ(ગ.શ.સ.) :- યોગ્ય પ્રયત્નો જરૂર સફળતા અપાવશે. નવી યોજના લાભ દાયક રહેવાની લકઝરી ચીજ વસ્તુથી લાભ.

મીન(દ.ચ.ઝ.) :- સ્વાસ્થ્ય જાળવવું ભાગીદારોને સાથે સહકાર દેવો મિત્રો સાથે વ્યવસાયની ચર્ચા થાય નવી ઓળખાણ થાય.

# સંજેલી તાલુકાના ખેડુતોને ટેકાના ભાવ મેળવવા ૫૦ કિમી સુધીનો ધક્કો ખાવા મજબૂર

સંજેલી,

સંજેલી તાલુકાના અણીકા ગામે આવેલી ગોડાઉનમાં ગત વર્ષની ટેકાના ભાવે ખરીદેલી ડાંગર વેપારી દ્વારા ખાલી ન કરાતા તાલુકાના મોટા ખેડુતો સમય અને પૈસાનો બગાડ કરી ટેકાના ભાવ મેળવવા ૫૦કિમી સુધી ના ધક્કા ખાવા મજબુર બન્યા છે.તાલુકામાં કેન્દ્ર શરૂ ન થતાં મંત ખેડૂતો ટેકાના ભાવ થી વંચિત રહ્યાં છે.આવા લેભાગુ વેપારી સામે યોગ્ય કાર્યવાહી કરી ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવે તેવી જગતના તાતની માંગ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં વિવિધ યોજના અમલમાં મુકવામાં આવે છે.તેમજ વિવિધ તાલુકાઓમાં પુરતી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સંજેલી તાલુકામાં લાખો રૂપિયાના ખર્ચે અણીકાગામે બનાવેલ નવીન ગોડાઉન બનાવવામાં આવ્યું હતું.જેમા ગયા વર્ષે ટેકાના ભાવે ડાંગરની ખરીદી કરવામાં આવી હતી. ગોડાઉન પેક થઈ જતા તાત્કાલિક બલૈયા ખાતે આવેલા

> અમદાવાદના મિલ માલિકને ડાંગર વેચાણ આપી હતી. તેને ચાર પાંચ ગાડી જેટલો માલ ઉઠાવ્યા બાદ પોસાતું નથી. તેવું કહી બંધ કરી દીધું હતું. હાલ દાહોદના મીલ માલિકને આપવા માટેનું વાતચીત ચાલે છે. સંજેલી ગોડાઉનમાં માલ પેક છે અને બલૈયા વાળું ગોડાઉન પણ પેક થઈ જવા કરે છે. હાલ સંજેલી તાલુકાની ખરીદ કેન્દ્ર બલૈયા ખાતે ચાલે છે.
>
> **ગોડાઉન મેનેજર બલૈયા પંકજભાઈ કલાસવા.**

**- અણિકા ગોડાઉનમાંથી વેપારી દ્વારા ડાંગર ખાલી ન કરાતાં બલૈયા કેન્દ્ર શરૂ કરાતા આશ્ચર્ય.**

**- શ્રીમંત ખેડૂતો ટેકાના ભાવથી વંચિત રહેવાનો વારો આવ્યો.**

ગોડાઉનમાં ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી હતી.જે બાદ એક વર્ષ વિતી ગયો છતાં વેપારી દ્વારા ગોડાઉન ખાલી ન કરાતા આ વર્ષે સંજેલી તાલુકામા ટેકાના ભાવે ડાંગરની ખરીદી બલૈયા ખાતે શરૂ કરવામાં આવી છે. મોટા ખેડૂતો ટેકાના ભાવ મેળવવામાં સંજેલીતાલુકા થી ૫૦ કિમી દૂર આવેલા ફતેપુરા તા.બલૈયા ખાતે પોતાનો સમય અને ભાડાઓ ખર્ચી ડાંગર વેચવા મજબુર બન્યા છે. કેન્દ્ર દૂર હોવાથી ઘાટ કરતાં ઘડામણ મોંધી ને કારણે શ્રીમંત ખેડૂતો ટેકાના ભાવ મેળવવાથી વંચિત રહ્યાં છે. કારણકે પાવલાંની પાડી અને આઠના ચરાય જેવી નાના ખેડૂતો માટે ઘાટ સર્જાયો છે.કુદરત જાણે રૂઠી હોય તેમ આ વર્ષે ચોમાસામાં સમયસર અને પૂરતો વરસાદ ન પડવાથી પૂરતા પ્રમાણમાં ડાંગર નો પાક પણ ખેડુતોને મળ્યો નથી. બીજી તરફ વેપારીના ભૂલને કારણે મંતખેડુતો ટેકાના ભાવથી વંચિત રહ્યાં છે. અને મોટા ખેડૂતો ને સમય અને ભાડાનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે આવા લેભાગુ વેપારી સામે કાયદેસરની કાર્યવાહી કરી તાલુકામાં ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવે તેવી જગતના તાતની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ જીલ્લામાં વધુ ૧૧ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે એકજ સાથે ૧૧ કોરોના સંક્રમણના કેસો નોંધાવા પામ્યા છે. આ સાથે કોરોના નો કુલ આંકડો ૨૪૯૭ને પાર થઈ ચૂક્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૮૭ પૈકી ૦૭ અને રેપીટ ટેસ્ટના ૮૫૭ પૈકી ૦૪ મળી આજે કુલ ૧૧ કેસો નોંધાયા છે. જેમાંથી દાહોદ અર્બનમાંથી ૦૨ કેસો સામે આવ્યા છે. દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદર માંથી એક દેવગઢ બારિયા અર્બનમાંથી એક, દેવગઢ બારીયા ગ્રામ્યમાંથી ૩, લીમખેડામાંથી એક,સીંગવડમાંથી એક, ગરબાડામાંથી એક, દેવગઢબારિયા અર્બનમાંથી એક, લીમખેડામાંથી એક અને ધાનપુર માંથી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૨૯ ઉપર પહોંચી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી ૮૯ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# સીંગવડના પહાડ ગામે જમીનના ઝગડામાં બે પક્ષો વચ્ચે થયેલ મારામારીમાં ત્રણ મહિલાઓ સહિત પાંચને ઈજાઓ

દાહોદ,

સીંગવડ તાલુકાના પહાડ ગામે જમીન સબંધી બાબતે બે પક્ષો વચ્ચે થયેલ જૂથ અથડામણમાં બન્ને પક્ષે ત્રણ મહિલા સહીત પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થવા પામ્યા છે. જયારે પોલિસે બંને પક્ષોના ૨૫ વ્યક્તિઓ વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ કર્યું હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સીંગવડ તાલુકાના પહાડ ગામના કાનસિંગ ભુદરભાઈ ચૌહાણે નોંધાવેલ ફરિયાદ અનુસાર તેમના જ ગામના કુટુંબીઓ જોડે પીપળાવાળા ખેતરની જમીનમાં પ્રધાનમંત્રી યોજના રોડ બાબતે એકાદ વર્ષથી વિવાદ અંગે અદાવત રાખી ગતરોજ(૧) રતનસીગભાઈ નરવતભાઈ,(૨) વિજયભાઈ ફતેસીગ,(૩) ફતેસીગ વીરસીંગ,(૪) નરવત વીરસીગ,(૫) રતનસીગ નવરતભાઈ,(૬) વીજયભાઈ ફતેસીગભાઈ,(૭) યુવરાજભાઈ ફતેસીગભાઈ,(૮) હંસાબેન નરવતભાઈ, (૯) રમીલાબેન નરવતભાઈ, (૧૦) શારદાબેન ફતેસીગભાઈ,(૧૧) વીરસીગભાઈ રામસીગભાઈ,(૧૨)ચંદ્રિકાબેન રતનસીગભાઈ,(૧૩) વસંતાબેન નરવતભાઈ ચૌહાણે એકસંપ કરી મારક હથિયારો સાથે કાનસિંગ ભુદરભાઈ ચૌહાણ જોડે જમીનમાં રસ્તો કાઢવા બાબતે બોલાચાલી કરી માંબેન સમાણી ગાળો બોલી ફતેસિંગ વીરસીંગે તેના હાથમાનું ધારીયુ દરીયાબેનના ડાબા હાથના કાંડાના મારી ઈજા કરી, નરવત વીરસીંગે તેના હાથ માની લાકડી લીલાબેનને પગના ભાગે મારી ઈજા કરી તેમજ જયંતીભાઈને છુટ્ટો પથ્થર માથાના ભાગે મારી તથા કાનસિંગ ભુદરભાઈ ને છુટ્ટો પથ્થર મારી છાતીના ભાગે ઈજા કરી ઈજા કરી હતી. જયારે વિજય ફતેસિંગ ભાઈએ તેના હાથ માની પારૂલબેનને કમરના ભાગે મારી દેતા તથા ચપ્પુ વડે ડાબા હાથના અંગુઠા પાસે વગાડી દઈ ઈજા કરી યુવરાજ ફતેસિંગે તેના હાથ માની લાકડી વૈશાલીબેનના પગના ભાગે મારી ઈજા કરી ઉપરોક્ત વ્યક્તિઓએ માબેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા.

આ બનાવ સબંધે કાનસિંગ ભુદરભાઈએ સીંગવડ પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઉપરોક્ત ૧૩ વ્યક્તિઓ વિરૂદ્ધ રાયોટિંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે સામાપક્ષે વસંતાબેન વીરસીંગ ચૌહાણે પોલિસ મથકે નોંધાવેલ ફરિયાદ અનુસાર તેમના જ ગામના કુટુંબીઓ જોડે ઘરની નજીકમાં આવેલ શેરીવાળા આર.સી.સી. રોડ તોડી નવીન બનતા પ્રધાનમંત્રી ડામર રોડનું એકાદ વર્ષથી ચાલતા વિવાદ બાબતેની અદાવત રાખી(૧)રાજેન્દ્રભાઈ પર્વતભાઈ ચૌહાણ, (૨)કાનસીંગભાઈ ભુદરભાઈ ચૌહાણ,(૩) જયંતીભાઈ ભુદરભાઈ ચૌહાણ, (૪) લીલાબેન કાનસીંગભાઈ ચૌહાણ, (૫) નંદાબેન જયંતીભાઈ ચૌહાણ,(૬) પારૂલબેન કાનસીંગભાઈ ચૌહાણ, (૭) વૈશાલીબેન કાનસીંગભાઈ ચૌહાણ, (૮) દરીયાબેન પર્વતભાઈ ચૌહાણ, (૯)નરવતભાઈ કાન્તીભાઈ બારીયા, (૧૦) રાજેશભાઈ કાન્તીભાઈ બારીયા, (૧૧)જનકભાઈ કાન્તીભાઈ બારીયા, (૧૨) રણજીતભાઈ કાન્તીભાઈ બારીયાએ એકસંપ કરી મારક હથિયારો સાથે વસંતાબેનના ઘરે આવી આ ડામર રોડ અમારી જમીનમાંથી કેમ કાઢો છો તેમ કહી માં બેન સમાણી ગાળો બોલી મારી નાખવાની ધમકીઓ આપી પરત તેના ઘરે જતા સમયે વસંતાબેનનો છોકરો યુવરાજને રસ્તામાં ભેટો થઈ જતા એક દમ ઉશ્કેરાઈ જઈ પાછળ પડી સ યુવરાજને તેના હાથમાના ધારીયાની પુઠ વડે માથાની તથા હોઠના ભાગે મારી ઈજા કરી તેમજ ત્યારબાદ કાનસિંગ ચૌહાણે તેના હાથમાની લોખંડની ચેન વડે રતનસીંગભાઈ નરવતસિંહ ચૌહાણને કમરના ભાગે તેમજ બન્ને હાથે મારી ઈજા કરી તેમજ જયંતીભાઈ ચૌહાણે તેના હાથમાની લાકડી વડે વિજયભાઈ ફતેસીંગ ચૌહાણના માથાના ભાગે તેમજ હાથ ઉપર મારી ઈજા કરી તેમજ અન્ય વ્યક્તિઓએ છુટા પત્થરો મારી નાની મોટી ઈજા કરી નાસી ગયા હતા.

આ બનાવ સંબંધે વસંતાબેન ચૌહાણે સીંગવડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઉપરોક્ત ૧૨ વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# આંગણવાડીમાં વધેલા ચોખાના જથ્થાનું બાળકોમાં સરખા ભાગે વિતરણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના મહામારીના પગલે તકેદારના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા બધ કરવામાં આવેલી આંગણવાડીમાં બચેલા ચોખાનો જથ્થો બાળકોમાં સરખા પ્રમાણમાં વિતરણ કરવાનો ઉદ્દાત નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી દાહોદ જિલ્લાના દોઢ લાખ બાળકોને ૫.૫૬ લાખ કિલો ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારના કુપોષણ મુકત ભારત અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને ગરમ નાસ્તો જે આંગણવાડી ઉપર બનાવીને આપવામાં આવતો હોય છે. પરંતુ હાલ ચાલી રહેલ કોરાના મહામારી અંતર્ગત ગુજરાત રાજયના તમામ બાળકો પોષણથી વંચિત ન રહે તે હેતુથી ગુજરાત રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં તા.૧૬/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી બાલશકિત ટેક હોમરેશન આપવામાં આવ્યું હતું.

પરંતુ આ ગરમ નાસ્તાની અવેજીમાં આપવામાં આવતા બાલશકતિ ટેક હોમ રેશનના બદલે આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી અઠવાડીયામાં એક વાર સુખડી બનાવી આપવામાં આવે છે.

બાળક દીઠ એક કિલોગ્રામ સુખડી પ્રમાણે જયાં સુધી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યાં સુધી આંગણવાડી કેન્દ્રો ઉપરથી પૂરક પોષણના ધોરણો જળવાઈ રહે તે માટે આંગણવાડી કેન્દ્રમાં સુખડી બનાવી અને લાભાર્થીઓના ઘરે વિતરણ કરવામાં આવે છે.

દાહોદ જિલ્લાના આઈસીડીએસ શાખાના તમામ આંગણવાડી કેન્દ્ર ઉપર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ઉપલબ્ધ ચોખા ૫,૫૬,૧૦૦ કી.ગ્રા. જથ્થાનું જેમાં દાહોદ જિલ્લાના ૩થી ૬ વર્ષના અંદાજીત ૧,૫૦,૭૮૩ બાળકોને કોરાનાની મહામારીમાં પોષણથી વંચિત ના રહે હેતુથી સરખા પ્રમાણમાં જિલ્લાની તમામ આંગણવાડીમાં ગ્રામજનોની હાજરીમાં વિતરણ કરવામાં આવ્યું છે.

આપના આજુબાજુના વિસ્તારમાં કોઈપણ બાળક આ કોરાના મહામારીમાં આઈ.સી.ડી.એસ.ની સેવાઓથી તેમજ પોષણ થી વંચિત ન રહે તે માટે સંબંધિત ગ્રામજનોએ જાગૃત રહી આપની ગામની આંગણવાડી કેન્દ્રોની તકેદારી રાખી એક ઝુંબેશ રૂપે ગુજરાત પોષણ અભિયાનનો એક ભાગ બનો અને ગુજરાત કુપોષણ મુકત બને તે માટે સહભાગી થવા જિલ્લા કાર્યક્રમ અધિકારીએ અપીલ કરી છે.

# હિરેન પટેલ કેસ : ગૃહ મંત્રી એ સાંત્વના તો આપી, બીજા જ દિવસે હિરેન પટેલની પત્નીનું અવસાન

ઝાલોદ,

ઝાલોદ પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ તથા કાઉન્સિલર હિરેન પટેલની ત્રણ માસ પૂર્વે હત્યા થઈ હતી. આ હત્યાનું કારણ પાલિકામાં વ્યાપેલા ભ્રષ્ટાચાર હોવાનું જ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. તો પાલિકા સાથે સંકળાયેલા લોકો જ આ હત્યા માં સામેલ હોવાનું પણ બહાર આવ્યું હતું.

રવિવારે ઝાલોદની ડીવાયએસપી કચેરીના ખાત મુહુર્તમાં આવેલા ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા એ પરિવાર ને સાંત્વના પણ પાઠવી હતી. તો દોષિતો ને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં તેવી પરિજનોને રૂબરૂમાં જઈ અને ખાતરી આપી હતી.

> ઝાલોદ નગર પાલિકાની સત્તા ભાજપની તરફેણમાં લાવ્યાના એક માસમાં જ પાલિકાની સત્તામાં જેનો મહત્વ નો ફાળો રહ્યો હતો. એવા હિરેન પટેલ ની હત્યા કરી દેવામાં આવી હતી. તો તેના જ ત્રણ માસમાં જ જ્યારે તેમના પત્ની બીનાબેનનું લાંબી માંદગી બાદ અવસાન થતા હિરેન પટેલ નો હસતો રમતો પરિવાર સત્તાની બળી ચઢી ગયો હતો અને માત્ર હવે તેમનો પુત્ર પંથ એકલો જ રહી ગયો હોઈ નગરજનો એ પણ પંથને સાંત્વના પાઠવી હતી.

**વોન્ટેડ આરોપી ઝાલોદની આસપાસ ફરતો હોવાની લોક મુખે ચર્ચા**

> હિરેન પટેલની હત્યાની તપાસમાં ઝાલોદના જ ઈમરાન ગુડાલાની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. અને પોલીસ ચોપડે તેને વોન્ટેડ પણ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે હત્યાની તપાસ સ્ટેટ ATS, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, તથા સ્થાનિક પોલીસ ની સંયુક્ત ટીમ લાગી ગયેલી હોવા છતાં આ આરોપી ઝાલોદની આસપાસ જ ફરતા જોવા મળ્યો હોવા છતાં મુખ્ય આરોપી પોલીસની પકડ થી દુર હોય, કંઈક રંધાયું હોવાનું પણ લોકો ને લાગી રહ્યું છે. માત્ર ત્રણ માસમાં જ હસતો રમતો પરિવાર સત્તા ની બળી ચડી ગયો.

**- હિરેન પટેલની હત્યા બાદ લાંબી માંદગી બાદ સોમવાર સવારે અંતિમ શ્વાસ લીધા.**

**- પરિજનો સહિત સમગ્ર પંથક માં ઘેરા શોક ની લાગણી.**

હિરેન પટેલની કસમયે મોતના આઘાત બાદ બીનાબેન માંદગીમાં સરી પડ્યા હતા. અને ગૃહ મંત્રીની મુલાકાતના બીજા જ દિવસે એટલે કે આજે સોમવાર ના રોજ વહેલી સવારે બીનાબેનનું લાંબી માંદગી બાદ અવસાન થયું છે. ત્યારે એક જ પરિવારના બે સભ્યો ની કસમયે થયેલા મોત ને પગલે પંથકમાં ઘેરા શોક ની લાગણી છવાઈ છે. તો પાલિકા થી લઈને વિધાનસભા સુધી ભાજપાની સત્તા હોવા છતાં ને માસ પૂર્વે ભાજપાના જ અગ્રણી અને આગેવાનની હત્યા બાદ પણ ન્યાય માટે તરસી રહેલા પરિજનોને ભાજપા ન્યાયના આપવી સકી હોવાની લાગણી સાથે પંથકજનો માં સત્તાધારીઓ સામે વ્યાપક રોષ ની લાગણી છે.

# દે.બારીઆના ભુતિયા પાસેથી રેલ્વે ટ્રેક પર અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

દે.બારીઆ,

દે.બારીઆ પોલીસ મથકના પીપલોદ આઉટ પોસ્ટની હદમાં આવેલ ભુતિયા ગામેથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરથી કોઈ અજાણ્યા લાગતા આશરે ૪૦ વર્ષિય પુરૂષની કપાઈને પડેલી લાશ મળી આવી હતી.

દાહોદ જિલ્લામાં રેલ્વેમાં પડતુ મુકી આત્મહત્યા કરનાર કેટલાંક લોકોની લાશોની ઓળખ થઈ જતી હોય છે. પણ આ એક ભિખારી જેવા લાગતા ઈસમની કોઈ ઓળખાણ થઈ શકી નથી. રેલ્વેના પોલીસ સ્ટાફ દ્વારા દે.બારીઆ પોલીસ મથકે આ બનાવની ટેલિફોનીક વર્ધી લખાવતા પોલીસે હાલ સીઆરપીસી કલમ ૧૭૪ મુજબ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને લાશનુ પંચનામુ કરી લાશને ગોધરા ખાતેની સરકારી હોસ્પિટલના કોલ્ડરૂમમાં મુકવામાં આવેલ છે.

# લીમખેડાના મોટી વાસવાણીના યુવકે લગ્નના ઈરાદે સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

લીમખેડા,

લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામના યુવકે લીમખેડા તાલુકાની ૧૫ વર્ષીય સગીર વયની બાળકીને પટાવી ફોસલાવી પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરીને લઈ ગયા હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામના અજયભાઈ સકરીયાભાઈ ભાભોર ગત તારીખ ૦૩.૧૨.૨૦૨૦. ના રોજ લીમખેડા તાલુકાના ખડદા ગામેથી ૧૫ વર્ષીય બાળકીને પટાવી–ફોસલાવી પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરીને લઈ ગયો હતો.

આ બનાવ સંદર્ભે અપહ્રત બાળકીની માતાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના ઈનામી બોરડી ગામે બાઈક સામે કુતરૂ આવી જતાં બાઈક ચાલક પાછળ બેઠેલ વ્યકિતનુ મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ઈનામી બોરડી ગામે પેટ્રોલ પંપની નજીક રસ્તા વચ્ચે કુતરૂ આવી જતાં પુરપાટ દોડી આવતી મોટરસાયકલના ચાલકે કાબુ ગુમાવી દેતા મોટર સાયકલ સ્લિપ ખાઈ જતાં બાઈક પાછળ બેઠેલ આધેડનુ ગંભીર ઈજાઓ થતાં તેનુ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના નવા ગામના કલાવતી ફળિયામાં રહેતા યોગેશભાઈ પ્રતાપભાઈ નલવાયા મોટરસાયકલ પર પોતાના પિતા પ્રતાપભાઈને પાછળ બેસાડી મોટરસાયકલ લઈ આવતા હતા તે દરમિયાન રસ્તામાં ઈનામી બોરડી ગામે પેટ્રોલપંપની નજીક રસ્તા પર કુતરૂ આવી જતાં યોગેશભાઈ નલવાયાએ કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લિપ ખાઈ જતાં મોટરસાયકલની પાછળ બેઠેલા યોગેશભાઈના પિતા પ્રતાપભાઈ બંને બાઈક પરથી પટકાયા હતા. પ્રતાપભાઈ નલવાયાને માથામાં ગંભીર ઈજાઓ થતાં તથા યોગેશભાઈને શરીરે ઈજાઓ થતાં બંનેને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં પ્રતાપભાઈનુ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. નવા ગામના નિલેશભાઈ પ્રતાપભાઈ નલવાયાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લાના કલાકારો માટે સ્પર્ધાઓનું આયોજન

દાહોદ,

ભારત સરકાર દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે રાષ્ટ્રીય યુવા ઉત્સવ ૫ થી ૮ જાન્યુઆરી ૨૦૨૧ દરમીયાન યોજાનાર છે. જેમાં ગુજરાતની ટીમ ભાગ લઈ શકે તે માટે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર હસ્તકની કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરના ઉપક્રમે પ્રતિ વર્ષ યોજાતી જિલ્લા, ઝોન, રાજ્ય યુવા ઉત્સવ સ્પર્ધાઓ પૈકી ચાલુ વર્ષે ૧૮ સ્પર્ધાઓનું આયોજન જિલ્લા યુવા વિકાસ અધિકારી,જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દાહોદ દ્વારા યોજવામા આવનાર છે. રાજ્યકક્ષા સુધી આ સ્પર્ધાઓ નું આયોજન થનાર છે.આ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ ૧૮ કૃતિઓની વર્ચ્યુઅલ સ્પર્ધાઓનું આયોજન થનાર છે જિલ્લા કક્ષાની એંટ્રીઓ તા:૨૪/૧૨/૨૦૨૦ બપોર ના ૧૨:૦૦ કલાક સુધી જિલ્લા રમત ગમત અધિકારી દાહોદ ની કચેરી જિલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ છાપરી તા–જિ– દાહોદ ખાતે કૃતીની CD/PEN DRIVE થી મોકલી આપવાની રહેશે.જેમા ૧.લોક નૃત્ય ૨.શસ્ત્રીય નૃત્ય (ભરતનાટ્યમ) ૩.શા.મણીપુરી ૪.શા.ઓડીશી ૫.શા.કથ્થક ૬.શા.કુચીપુડી ૭. શાસ્ત્રીય કંઠય સંગીત ૮.કર્ણાટકી સંગીત ૯.સિતાર ૧૦.વાસળી ૧૧.વીણા (આ સ્પર્ધાઓ માટે સમય ૧૫ મિનીટ નો રહેશે) ૧૨. લોકગીત (૦૭ મિનીટ) ૧૩.એકાંકી(અંગ્રેજી/હિંદી ૩૦થી ૪૫ મિનીટ) ૧૪.તબલા ૧૫.મૃદંગમ ૧૬.હાર્મોનીયમ હળવુ ૧૭ ગીટાર ( આ સ્પર્ધાઓ માટે સમય ૧૦ મિનીટનો રહેશે) વિગતો તૈયાર કરી ઉક્ત કચેરીએ મોકલી આપવાની રહેશે.૧૮.શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા(હિંદી/અંગ્રેજી)આ કચેરીમાં તા;૨૪/૧૨/૨૦૨૦ ના રોજ ૧૨ કલાકે વિષય મેળવી ૧ કલાકમા ઈઉ તૈયાર કરી કચેરીએ મોકલી આપવાની રહેશે. વિગત વાર માહિતી આ કચેરીમાં રૂબરૂ સંપર્ક કરી મેળવી લેવાની રહેશે.

# ઝાલોદના લીમડી ગામે ટ્રક ચાલકે રીક્ષાને અડફેટમાં લેતાં રીક્ષામાં સવાર બે યુવતિના ઘટના સ્થળે મોત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી ગામે ગામે ચાકલીયા રોડ પર માતેલા સાંઢની જેમ ધસી આવેલી ટ્રકે રીક્ષાને અડફેટે લેતા તેમાં સવાર બે યુવતીઓના ઘટનાસ્થળે મોત નિપજ્યા છે. તેમજ અને લોકોને શરીરે ઓછીવત્તી ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોમાં માર્ગ અક્સ્માતોનો પ્રમાણ ખુબ ઝડપથી વધવા પામ્યો છે.વાહનચાલકોની ગફલત તેમજ પૂરઝડપી બેફિકરાઈ ભર્યા ડ્રાંઈવિંગના કારણે છેલ્લા કેટલાય સમયથી માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહેતા કેટલાય લોકો માર્ગ અકસ્માતો દરમિયાન કાળના ખપ્પરમાં હોમાઈ ગયા છે. ત્યારે ગઈકાલે ઝાલોદ તાલુકાના લીમડી ગામે ચાકલીયા રોડ પર પુરઝડપે આવી રહેલી જીજે.૧૭. એક્સ.૭૯૪૮ નંબરના ટ્રકે એક નંબર વગરની રીક્ષાને અડફેટે લેતા રિક્ષામાં સવાર ઝાલોદ તાલુકાના લીલવા ઠાકોર ગામની ૧૮ વર્ષીય શિલ્પાબેન રાયસીંગભાઈ ડામોર,૧૯ વર્ષીય ટીનાબેન બાબુભાઈ ડામોરને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓના પ્રાણ પંખેરૂ ઘટનાસ્થળે દોડી ગયા હતા. જયારે રિક્ષામાં સવાર અને લોકોને ઓછી વત્તી ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.ત્યારે ટ્રક ચાલક પોતાનો ટ્રક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. આ બનાવ સંબંધે ઝાલોદ તાલુકાના લીલવા ઠાકોર ગામના રાયસીંગભાઈ વાલાભાઈ ડામોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે ટ્રક ચાલક દશામિવ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 102

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા-વડોદરા હાઈવે પર આવેલ

# કુશા કેમિકલ કંપનીમાં ધડાકાભેર આગ ભભુકી : સદ્દનસીબે જાનહાનિ ટળી






- કેમિક્લ કંપનીમાં લાગેલ આગને કાબુ લેવા ફાયર ફાયટરો કામે લાગ્યા.
- કુશા કેમિકલમાં આગ લાગવાની ઘટના બાદ બે ગામો ખાલી કરાવાયા.
- કંપનીમાં લાગેલ આગનું કારણ જાણવા મળ્યું નથી.

ગોધરા,

ગોધરા -વડોદરા હાઈવે રોડ ઉપર નાંદરખા ગામ પાસે આવેલ કુશા કેમિકલમાં કોઈ કારણોસર ધડાકાભેર આગ લાગવાની ઘટના બની હતી. કેમિકલ કંપનીમાં લાગેલ આગના બનાવમાં ધુમાડના ગોટેગોટા ત્રણ કિલો મીટર સુધી જોવા મળ્યા હતા. કેમિકલ કંપનીમાં લાગેલ આગને કાબુમાં લેવા માટે ગોધરા-કાલોલ-હાલોલ અને ખાનગી કંપનીના ૯ ફાયર ફાયટરો ભોર મહેનત કરી હતી. કેમિકલ કંપનીમાં લાગેલ આગને પગલે બે ગામો ખાલી કરવામાં આવ્યા હતા. કેમિકલ કંપનીમાં લાગેલ આગનું કારણ જાણી શકાયું નથી.

કુશા કેમિકલ કંપનીમાં ધડાકાભેર બ્લાસ્ટ સાથે આગ લાગવાની ઘટના બનવા પામી હતી. ઘટનાની જાણ થતાં જીલ્લા કલેકટર ઘટના સ્થળે પહોંચીને ઘટનાની સમીક્ષા કરી હતી.

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ નાંદરખા ગામે આવેલ કુશા કેમિકલ કંપનીમાં બપોરના ૧૨ વાગ્યાના સમયે કોઈ કારણોસર ધડાકા સાથે આગ લાગવાની ઘટના બનવા પામી હતી. કેમિકલ કંપનીમાં લાગેલ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ લીધું હતું. કેમિકલ કંપનીમાં લાગેલ આગને લઈ ૩ કિલોમીટર સુધી ધુમાડેના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા અને ધુમાડાને લઈ કાળા ડિંબાગ વાદળો છવાયા હતા. કેમિકલ કંપનીમાં લાગેલ આગને કાબુમાં લેવા માટે ગોધરા નગર પાલિકા, કાલોલ નગર પાલિકા, હાલોલ નગર પાલિકા તેમજ ખાનગી કંપનીના ૯ જેટલા ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ૪ કલાકની ભારે મહેનત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. ફાયર ફાયટરો આગને કાબુમાં લેવાની મથામણ કરી રહ્યું હતું. દરમ્યાન કેમિકલ કંપની પ્લાન્ટમાં સતત બ્લાસ્ટ થઈ રહ્યા હતા. કંપનીમાં લાગેલ આગમાં સદ્દનસીબે કોઈ જાનહાનિ થયાનું સામે આવ્યું નથી. કુશા કેમિકલ કંપનીના પ્લાન્ટમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. કેમિકલ કંપનીમાં લાગેલ આગની ગંભીરતા ને લઈને બે ગામો ખાલી કરવામાં આવ્યા હતા. કેમિકલ કંપનીમાં આગના બનાવને લઈ નજીકના ગામોના લોકો ભયભીત બન્યા છે.

### કંપનીમાં આગ લાગવાનું ત્રણ-ચાર દિવસ બાદ જાણી શકાશે

કુશા કેમીકલમાં ધડાકાભેર આગ લાગવાની ઘટનાનું કારણ હાલ જાણી શકાયું નથી. તેમ કંપનીના માલિક દ્વારા જણાવવામાં આવ્યું છે. બે-ત્રણ દિવસમાં કર્મચારીઓ કંપનીમાં આવ્યા પછી આગ લાગવાનું કારણ જાણી શકાશે.

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ કુશા કેમિકલમાં અગાઉ પણ કેમિકલ્સના ઝેરી તત્વો હવામાં ભળવાની ઘટના સામે આવી હતી. જેને લઈ નાંદરખા ગ્રામ પ્રાથમિક શાળાના બાળકો ઝેરી કેમિકલની અસરને લઈ વિદ્યાથી બેભાન થઈ જતાં સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેમીકલ કંપનીના ઝેરી તત્વોની અસર ગ્રામજનો, બાળકો, પશુઓ અને પર્યાવરણ પણ થતી હોવા અંગે ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી હતી. જેને પગલે એક યુનિટ બંધ કરવામાં આવ્યું હતું.

# પંચમહાલ જિલ્લા ભારતીય કિસાન સંઘની બેઠક યોજાઈ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લા ભારતીય કિશાન સંઘની બેઠક ગોધરા માર્કેટયાર્ડના ગોલમાલ યોજાઈ હતી. જેના અદયક્ષ તરીકે મદયગુજરાત જો નેના સંયોજક નરવતસિંહ સોલંકીએ ભારતીય કિસાન સંઘના સંગઠન અને પ્રકારની સેવાઓ અને માહિતી આપી હતી અને કિસાનોના આ અંગે જવાબો આપ્યા હતા આ બેઠકમાં પંચમહાલ જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ ખુમાનસિંહ ચૌહાણ એ સંગઠન અંગેમાહિતી આપી હતી. આ બેઠકમાં પંચમહાલ જિલ્લા મીડિયા સેલના પ્રમુખ યોગેશ કાછીયા તેમજ પંચમહાલ જિલ્લાના કાલોલ, જાંબુઘોડા, હાલોલ, ઘોઘંબા, શહેરા તેમજ અન્ય તાલુકાના પ્રમુખ મંત્રીઓ તેમજ કારોબારી સભ્યો અને ઈશારો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ)ના ખાબડા ગામે યુવાને ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રહેતા ૨૬ વર્ષીય યુવાન અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રહેતા જશવંતભાઈ ગોવિંદભાઈ બારીયા ઉ.વ.૨૬ એ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી ગયેલ હતો. દવા પી જતાં યુવાનને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના કુવાઝર ચોકડી થી ખુદરા ગામ સુધીનો રસ્તો ખખડધજ બનતા વાહન ચાલકો પરેશાન



મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કુવાઝર ચોકડી થી ખુદરા જોડતો માર્ગ ખખડધજ બનતા વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે માર્ગનું નવિનીકરણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

મોરવા(હ) તાલુકાના કુવાઝર ચોકડી થી ખુદરા ગામને જોડતા માર્ગ ખખડધજ હાલતમાં જોવા મળી રહ્યો છે. રસ્તો બિસ્માર હાલતમાં હોવાને લઈ વાહન ચાલકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. અવારનવાર અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. ખખડધજ રસ્તાને લઈ અનેક અકસ્માતના બનાવો બનવા પામ્યા છે. સાથે રોડ ઉપર ખુદરા ચોકડી સુધીના માર્ગનું નવિનીકરણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## પંચમહાલમાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૬૪૩ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ ક્રેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા-૧૨, હાલોલ-૦૮, કાલોલ-૦૨, શહેરા-૦૧, ઘોઘંબા-૦૧, મોરવા(હ)-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા

- ૦૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૮૮.
- મૃત્યુ આંક - ૧૨૯.

નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૬૪૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## વનવિભાગની બેદરકારી કે દિપડાની ચાલાકી :

# ફરી એકવાર પાંજરામાંથી બકરીનું મારણ કરી દીપડો નાસી છુટ્યો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા,

ઘોઘંબા પંથકમાં છેલ્લા બે સપ્તાહથી આદમખોર દિપડાની દહેશત થી લોકો ફફડી રહ્યા છે. વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવાના પ્રયાસો નિષ્ફળ રહેતા પંચમહાલ વન વિભાગ દ્વારા સુરતવન વિભાગની એકસપર્ટ ટીમ તેમજ દે.બારીઆ વન વિભાગના વનકર્મીઓ મળીને પાંચ ટીમો આદમખોર દિપડાને પકડવા કામે લાગી છે. ત્યારે ગોયાસુંડલ ગામે દિપડાને પાંજરે પુરવા માટે મુકાયેલ પાંજરામાં બકરું મૂકવામાં આવ્યું હતું. ગતરાત્રીના સમયે શાતિર દિપડો બીજી વખત પાંજરામાંથી બકરાનું મારણ કરી નાશી છુટવામાં સફળ રહ્યો છે. ત્યારે હવે જોવાનું રહ્યું છે. આદમખોર માનવભક્ષી દિપડો પાંજરે પુરાશે ખરા ?

ઘોઘંબાના અંતરીયાળ ગામો જંગલને અડીને આવેલ છે. આવા ગામોમાં છેલ્લા બે સપ્તાહથી આદમખોર દિપડા એ આતંક મચાવી મૂકયો છે. માનવભક્ષી દિપડા એ બે માસૂમ બાળકોના જીવ લીધા છે. તેમજ અત્યાર સુધી ૭ જેટલા વ્યકિતઓ ઉપર દિપડા એ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. ત્યારે આદમખોર દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગે પ્રયાસો કર્યા છે. વન વિભાગ દ્વારા પાંજરા ગોઠવીને દિપડાને પકડવાના પ્રયાસો કર્યા હતા. તેમાં ગોયાસુંડલ ગામે દિપડાને પકડવા મુકાયેલ પાંજરામાંથી બકરીનું મારણ કરીને શાતિર દિપડો નાશી છુટીયો હતો અને માનવ વસ્તીમાં લોકો ઉપર દિપડાના હુમલાઓ ચાલુ રહ્યા હતા. દિપડાને પાંજરે પુરવા અને દિપડાનું લોકેશન મેળવવા નાઈટ વિઝન કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. તેમ છતાં દિપડાના સગડ નહિ મળતાં પંચમહાલ વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવા માટે સુરત વનત વિભાગની એકસપર્ટ ટીમ તેમજ દે.બારીઆ વન વિભાગની ટીમને દિપડાને પકડવા માટે મદદ લેવામાં આવી છે. સુરત વન વિભાગના ઘોઘંબા જંગલમાં દિપડાને પકડવા માટે પહોંચેલ ટીમે દિપડાના હુમલાવાળા ગામોની મુલાકાત લીધ હતી. સાથે દિપડાને પકડવા માટે મુકવામાં આવેલ પાંજરાઓના સ્થળ બદલીને સંભવિત દિપડાની અવર જવર રહેતી હોય તેવા સ્થળો એ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. સુરત વન વિભાગની એકસપર્ટ ટીમ અને સ્થાનિક વન વિભાગે સાથે મળીને ગોયાસુંડલ ગામે મુકવામાં આવેલ પાંજરામાં દિપડાને પકડવા માટે બકરું મૂકવામાં આવ્યું હતું. ગતરાત્રી એ શાતિર દિપડો ફરી ગોયાસુંડલ ગામ પાસે મુકવામાં આવેલ પાંજરામાંથી બકરીનું મારણ કરીને પાંજરામાંથી આબાદ બહાર નિકળી નાશી છુટીયો હતો. વન વિભાગ દ્વારા આદમખોર દિપડાને પકડવા માટે મુકવામા પાંજરાની જાળી દિપડાના પાંજરામાં પ્રવેશ પછી પણ બંધ થતી નથી. જેને લઈ બીજી વખત પાંજરામાં આવીને શાતિર દિપડો બકરાનું મારણ કરીને જંગલમાં નાશી છુટીયો છે. ત્યારે પ્રશ્ન થઈ રહયો છે કે વન વિભાગ દ્વારા દિપડાને પકડવાના પ્રયાસોમાં સફળ થશે ખરું ? કારણ કે દિપડાને પાંજરે પુરવા માટેના પ્રયાસ કરવામાં આવે છે તે પાંજરાઓની જાળી બંધ થતી નથી. તો દિપડો પકડાશે કેવી રીતે શું દિપડાને પાંજરા સમયે બંધ થશે કે કેમ તેની તપાસ વન વિભાગ કરીને દિપડાને પકડવાના પ્રસાયો કરે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે. વન વિભાગ આદમખોર દિપડાને પકડવા માટે જેટલો સમય લઈ રહ્યો છે. તેટલા સમયમાં અન્ય કોઈ વ્યકિત દિપડાના હુમલાનો ભોગ ન બને તેને લઈ ગ્રામજનો ભય થી કંપી રહ્યા છે.

### ઘોઘંબા પંથકમાં દિપડા આંતક થી લોકો ભયભીત

આદમખોર માનવભક્ષી બનેલ દિપડાને પકડવા માટે છ જેટલા દિપડાને પકડવા મુકેલ પાંજરા હલ્કી ગુણવત્તાના પાંજરા ગોઠવવામાં આવ્યા છે. તેમાં ગોયાસુંડલ બાળકને મોતને ઘાટ ઉતારવાની ઘટનાવાળા ગામે વન વિભાગે પાંજરું મુકેલ છે. પાંજરા હલ્કી ગુણવત્તાના હોવાનું લાગી રહ્યું છે. હિંસક પ્રાણીઓને પાંજરે મુકવા માટે ઉપયોગમાં લેવાતું પાંજરું સમયસર બંધ ન થાય તેવી ઘટના એકવાર નહીં પણ બે વાર બની છે. ત્યારે વન વિભાગ દિપડાને પકડતા પહેલા પાંજરાના દરવાજા સમયસર બંધ થાય તેવી ઉપર ધ્યાને આવે તે જરૂરી છે.

### દિપડાનું પગેરું મેળવા પાંચ ટ્રેપ કેમેરા, ૧ CCTV થી નજર

ઘોઘંબા જંગલમાં દિપડાને પકડવા માટે તેમજ ગતિવિધી જાણવા માટે ૫ જેટલા ટ્રેપ કેમેરા તેમજ ૧ સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે. છતાં શાતિર દિપડો કેમેરામાં આવતો નથી છતાં દિપડા હોવાના સંકેત મળી રહ્યા છે.

### વધુ એક વખત પાંજરામાંથી બકરીનું મારણ કરી દિપડો નીકળી ગયો

ગોયાસુંડલ ગામે દિપડાને પકડવા મુકવામાં આવેલ પાંજરામાંથી ગતરાત્રીના સમયે દિપડો પાંજરામાંથી બકરાનું મારણ કરવામાં પાંજરા આવ્યા તો ખરાં પણ પાંજરું પણ બંધ ન થયું. જેને લઈ બકરાનું મારણ કરી બીજી વખતે દિપડો પાંજરામાંથી નિકળી બચી ગયો.

### દિપડાને પકડવા ટ્રેકયુલઝર ગન સાથે ટીમના ધામા

આદમખોર માનવભક્ષી દિપડાને પકડવા માટે સુરત વન વિભાગની એકસપર્ટ ટીમ ઘોઘંબાના જંગલો ખૂદી રહી છે. ૧ ટ્રેકયુલઝર ગન સાથે દિપડાને પકડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

- બકરીનું મારણ કરવા દિપડો પાંજરામાં આવ્યા પણ પાંજરું બંધ ન થયું.
- દિપડાને પકડવાના પ્રયાસ નિષ્ફળ રહેતા ગ્રામજનોનો ભય વધ્યો.

## દે.બારીઆમાં બેંક ઓફ બરોડામાં આવતાં ગ્રાહકોના જોડે સિકયુરીટી ગાર્ડનું ઉદ્ધતાઈ ભર્યું વર્તન થાય તેને કોણ રોકશે ?

દે.બારીઆ,

દે.બારીઆમાં તમામ રાષ્ટ્રીયકૃત બેંકો આવેલી છે પરંતુ ત્યાં કોઈ ગ્રાહકો સાથે ત્યાંનો સિકયુરીટી ગાર્ડ વિવેક થી વર્તે છે. જયારે બેંક ઓફ બરોડા દે.બારીઆ શાખામાં બેંકના માનવતા ગ્રાહકોની જોડે બેંકનો સિકયુરીટી ગાર્ડ ઉદ્દઘતાઈ ભર્યા વર્તન કરતા દેખવા મળે છે. આવું વર્તન જયારથી કોરોનાકાળ અને લોકડાઉનના સમય થી જોવા મળે છે શું ? કોરોના ના ડરના કારણે ભોળાભાળા ગ્રામ્યના અભણ ગ્રાહકોને હડધૂત કરવાનો પરવાનો કોને આપ્યો છે. તે યક્ષ પ્રશ્ન છે. આ ગ્રાહકો સવારના બેંક ખુલેના તે પહેલા થી આવી બેસી રહેતા હોય છે. ગ્રાહકો ડીસીપ્લીન ના રાખતા હોય તો તેમને ટોકન આપવાનું ચાલું કરો પરંતુ તેમના જોડે અમાનવીય વર્તાવ તો કરવાની છૂટ તો ના અપાય જેથી બેંક ઓફ બરોડા દે.બારીઆ શાખા બેંક મેનેજર થી બેંકનો નાનામાં નાના ગ્રાહકથી જ બેંક ચાલતી હોય છે. જે સિકયુરીટી ગાર્ડને પગાર મળે છે. તે પણ આ ગ્રાહકોના પ્રતાપે છે. તે ભૂલવું ના જોઈએ અને માનવતા ગ્રાહકોને વિવેધ સાથે વર્તન થાય એ ઉચ્ચપદના વિભાગીય રીઝનીયલ મેનેજર આ શાખાની મુલાકાત લેશે ખરા અને બે કલાક બેંકમાં શું ? શું ? થઈ રહ્યું છે. તેની જાતે માહિતી લઈ પગલા ભરશે તે તો આવનારો સમય બતાવશે.